# સેક્રેટરી ઓફિસ, સુરત

ચોથો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત–૩૯૫૦૦૩.
ફોન નં. ઓ.(૦૨૬૧)૨૪૩૨૬૯૦, એક્ષ્ટે.નં.૨૧૪.

નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૧/૧૨
તા.૦૫–૦૭–૨૦૨૧

**પ્રથમ અપીલ ક્રમાંક: ૨૦૨૧/૦૧**

**અરજદાર :–**
શ્રી દિપક આર. પાટીલ

**વિરુધ્ધ**

**સામેવાળા :–** જા.મા.અ. અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસ, સુરત

**વિષય :** આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી દિપક આર. પાટીલની તા.૧૦–૦૫–૨૦૨૧ ની અરજી આઈ.ડી.૮૫ બાબત.

**સંદર્ભ:** અરજદારશ્રીની અરજી તા.૦૧–૦૬–૨૦૨૧ ની પ્રથમ અપીલ અરજી.

**વંચાણમાં લીધું:**

૧. અરજદારશ્રી દિપક આર. પાટીલની તા.૧૦–૦૫–૨૦૨૧ની માહિતિનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળની મ્યુ.કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને મુગલીસરા ખાતે કરવામાં આવેલ અરજી આઈ.ડી. નં.૮૫ (નમુનો–ક).

૨. જા.મા.અ. અને અંગત મદદનીશશ્રી, સેક્રેટરી ઓફિસનો તા.૨૭–૫–૨૦૨૧ નો પત્ર નં.આર.ટી.આઈ./ સેક્રેટરી/આઉટ/૨૦૨૧/૩૭(નમુનો–ગ)

૩. અરજદારશ્રી દિપક આર. પાટીલની તા.૧–૬–૨૦૨૧ ના રોજની માહિતિનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળ અપીલ સત્તાધિકારશ્રી, મ્યુ.કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી.

૪. અપીલ અધિકારી અને ઓફિસ સુપ્રિટેન્ડન્ટશ્રી, મધ્યસ્થ કચેરીનો તા.૦૪–૦૬–૨૧ નો પત્ર નં.સી/એફ.એ.પી./૧૧(નમુનો–ઘ).

૫. તા.૦૧–૭–૨૦૨૧ ના રોજની અરજદાર શ્રી દિપક આર. પાટીલની લેખિત રજુઆત.

**ફરીયાદની હકીકત :–**

આ કેસમાં ટૂંકમાં હકીકત એવા પ્રકારની છે કે, અરજદારશ્રી દિપક આર. પાટીલ, તરફથી માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૬(૧) અને ગુજરાત માહિતીનો અધિકાર નિયમો, ૨૦૧૦ ના નિયમ–૩(૧) હેઠળ મ્યુ.કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને તા.૧૦–૦૫–૨૦૨૧ ના રોજ અરજી કરેલ હતી. જે આઈ.ડી.નં.૮૫ થી નોંધાયેલ હતી.

સદર અરજી જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક, મધ્યસ્થ કચેરી મારફત તા.૧૧–૫–૨૦૨૧ ના પત્ર નં.સી/આર.ટી.આઈ./૮૫(નમુનો–ઘ) થી અત્રેની કચેરી સહિત જાહેર માહિતી અધિકારી અને ડે.એકાઉન્ટન્ટશ્રી, હિસાબી વિભાગને આંશિક તબદીલ કરવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી ધ્વારા તા.૨૭–૫–૨૦૨૧ ના રોજ પત્ર નં.આર.ટી.આઈ./ સેક્રેટરી/આઉટ/૨૦૨૧/૩૭ થી મુદ્દા નં.૧ અને ૨(આંશિક) બાબતે સેક્રેટરી ઓફિસના ઉપલબ્ધ રેકર્ડ આધારિત આંશિક માહિતી (નમુનો ગ)થી અરજદારશ્રી દિપક આર.પાટીલને પુરી પાડેલ હતી.

સબબ, અરજદારશ્રી દિપક આર.પાટીલએ જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રીના સદર નિર્ણયથી નારાજ થઈ, તા.૦૧–૦૬–૨૦૨૧ ના રોજ અપિલ સત્તાધિકારી, મ્યુ.કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને પ્રથમ અપીલ અરજી કરેલ છે. જે અપીલ અધિકારી અને ઓફિસ સુપ્રિટેન્ડન્ટશ્રી, મધ્યસ્થ કચેરી ધ્વારા પત્ર નં.સી/ એફ.એ.પી./૧૧(નમુનો–ઘ) અન્વયે અત્રેની કચેરી સહિત કુલ–૨ વિભાગોને એકીસાથે તબદીલ કરેલ હતી, જે પૈકી સેક્રેટરી ઓફિસને તા.૦૪–૦૬–૨૧ ના રોજ અપીલ અરજી મળેલ હતી.

જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસ ધ્વારા અરજદારશ્રી દિપક આર.પાટીલ સાથે સદર માહિતી માંગતી અરજીના સંદર્ભમાં ટેલીફોનીક ચર્ચા કરવામાં આવેલ હતી, જેમાં અરજદારશ્રીએ તેમના વતી શ્રી સંદિપભાઈ સુર્યવંશી રૂબરૂ હાજર રહી જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી, સેક્રેટરી ઓફિસ ને મળી તેમના જવાબની સ્પષ્ટતા જાણી અપીલ અરજીનો અંતિમ નિકાલ બાબતેનો નિર્ણય લેશે તેમ જણાવેલ જે અન્વયે તેઓ રૂબરૂ તા.૨૭–૫–૨૦૨૧ ના રોજ સેક્રેટરી ઓફિસ ખાતે રૂબરૂ આવી મળેલ અને પાઠવેલ જવાબ બાબતે વિસ્તૃત ચર્ચા કરી જણાવેલ કે સેક્રેટરી ઓફિસના પાઠવેલ જવાબ બાબતેનો અસંતોષ દુર થયેલ છે અને સેક્રેટરી ઓફિસ પાસે હવે કોઈ માહિતી મેળવવાની રહેતી ન હોય સેક્રેટરી ઓફિસ પુરતી અપીલ અરજી દફતરે કરવા લેખિતમાં વિનંતી કરેલ છે. જે અરજી પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસે ગ્રાહય રાખેલ છે.

**અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ આ કેસના ઉપલબ્ધ કાગળો, રજુઆતો/અરજી ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

**<u>હુકમ</u>**

**"અરજદારશ્રી દિપક આર. પાટીલની તા.૧૦–૦૫–૨૦૨૧ની મૂળ અરજી (આઈ.ડી.૮૫) અન્વયે જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી ધ્વારા નિયત સમયમર્યાદામાં પત્ર નં.આરટીઆઈ/સેક્રેટરી/આઉટ/૨૦૨૧/૩૭, તા.૨૭–૦૫–૨૦૨૧ થી પાઠવવામાં આવેલ પ્રત્યુતર યથાયોગ્ય રાખવામાં આવે છે તેમજ અરજદારશ્રીની તા.૦૧–૦૭–૨૦૨૧ ના રોજની લેખિત રજુઆત ધ્યાને લેતા સેક્રેટરી ઓફિસે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકાને લાગુ પડતી બાબતો માટે જ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."**

તેમ છતાં, અરજદાર સદર હુકમથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, સ્ટેટ લેવલ ઓફીસીસ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦(એ), ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે દિન–૯૦ માં બીજી અપીલ કરી શકે છે.

**(સ્વાતી પી. દેસાઈ)**
**પ્રથમ અપીલ અધિકારી અને**
**ઈ.ચા.મ્યુ.સેક્રેટરી**
**સુરત મહાનગરપાલિકા.**

---

<u>નકલ રવાના :–</u>

સા.ર.:– સેકશન ઓફિસરશ્રી, આર.ટી.આઈ. મધ્યસ્થ સેલ.
ન.ર. :– જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી, સેક્રેટરી ઓફિસ
ન.ર. :– અરજદારશ્રી દિપક આર. પાટીલ

# સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકા

ચોથો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત–૩૯૫૦૦૩. ફોન નં. ઓ.(૦૨૬૧)૨૪૩૨૬૯૦, એક્ષ્ટે.નં.૨૧૪.


નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૧/૧૧
તા.૫–૭–૨૦૨૧

**પ્રથમ અપીલ ક્રમાંક: ૨૦૨૧/૨**

**અરજદાર :–**
**શ્રી ચંદ્રેશ જગદીશભાઈ પિપળીયા (એડવોકેટ)**

**વિરુધ્ધ**

**સામેવાળા :–** જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસ, સુરત.

**વિષય:** આર.ટી.આઈ. એકટ હેઠળ અરજદારશ્રીની તા.૧૨–૦૪–૨૦૨૧ ની અરજી આઈ.ડી.નં.૨૪ બાબત.

**સંદર્ભ:** અરજદારશ્રીની તા.૦૫–૦૬–૨૦૨૧ ની પ્રથમ અપીલ અરજી.

**વંચાણમાં લીધું:**

૧. અરજદારશ્રી ચંદ્રેશ જગદીશભાઈ પિપળીયાની તા.૧૨–૪–૨૦૨૧ ની માહિતિનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળની માહિતી અધિકારીશ્રી, મ્યુ.કમિશ્નર સાહેબશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અરજી(નમુનો–ક) આઈ.ડી.નં.૨૪

૨. જા.મા.અ. અને પ્રથમ શ્રેણી કલાર્ક (મધ્યસ્થ કચેરી)નો તા.૧૫–૦૪–૨૦૨૦ નો પત્ર નં.સી./આર.ટી.આઈ./૨૪ (નમુનો–ઘ)

૩. જા.મા.અ. અને અંગત મદદનીશશ્રી, સેક્રેટરી ઓફિસના તા.૨૬–૪–૨૦૨૧ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૧/૧૬(નમુનો–ઘ)

૪. જા.મા.અ. અને અંગત મદદનીશશ્રી, સેક્રેટરી ઓફિસના તા.૨૬–૪–૨૦૨૧ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૧/૧૭(નમુનો–ગ)

૫. અરજદારશ્રી ચંદ્રેશ જગદીશભાઈ પિપળીયાની તા.૫–૬–૨૦૨૧ ના રોજની માહિતિનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળ અપીલ અધિકારશ્રી, મ્યુ.કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને ઉદ્દેશીને કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી.

૬. અપીલ અધિકારી અને ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી, મધ્યસ્થ કચેરીનો તા.૭–૬–૨૦૨૧ નો પત્ર નં.સી./એફ.સી./૧૨ (નમુનો–ઘ)

૭. પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસના તા.૧૦–૬–૨૦૨૧ નો પત્ર નં.આર.ટી.આઈ./ સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૧/૨(નમુનો–ઘ)

૮. જા.મા.અ. અને અંગત મદદનીશશ્રી, સેક્રેટરી ઓફિસના તા.૨–૭–૨૦૨૧ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૧/૬૮

**ફરીયાદની હકીકત :–**

આ કેસમાં ટૂંકમાં હકીકત એવા પ્રકારની છે કે, અરજદારશ્રી ચંદ્રેશ જગદીશભાઈ પિપળીયા તરફથી માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૬(૧) અને ગુજરાત માહિતીનો અધિકાર નિયમો, ૨૦૧૦ ના નિયમ–૩(૧) હેઠળ તા.૧૨–૪–૨૦૨૧ ના રોજ જાહેર માહિતી અધિકારી અને મ્યુ.કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને અરજી કરેલ હતી.

અરજદારશ્રીની સદર અરજી જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક (મધ્યસ્થ કચેરી) ધ્વારા તા.૧૫–૪–૨૦૨૧ ના પત્ર નં.સી./આર.ટી.આઈ./૨૪(નમુનો–ઘ) ધ્વારા (૧) જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસને અરજીના મુદ્દા નં.૧,૩ અને ૪ માટે અને (૨) ચીફ ફાયર ઓફિસરશ્રી, ફાયર વિભાગને અરજીના મુદ્દા નં.૨ માટે એકી સાથે અંશતઃ તબદીલ કરવામાં આવેલ. જે પૈકી સેક્રેટરી ઓફિસને અરજી તા.૧૭–૪–૨૦૨૧ ના રોજ મળેલ છે.

સદર ટ્રાન્સફરથી મળેલ માહિતી માંગતી અરજીના મુદ્દા નં.૧, ૩ અને ૪ ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રીએ અરજદારશ્રીને માહિતી પુરી પાડવાના હેતુસર જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી, સેક્રેટરી ઓફિસ ધ્વારા તા.૨૬–૪–૨૦૨૧ ના રોજ પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૧/૧૬(નમુનો–ઘ) થી સદર મુદ્દાઓ બાબતે જાહેર માહિતી અધિકારી અને આસીસ્ટન્ટ લો ઓફિસર, કાયદા વિભાગને પણ અંશતઃ તબદીલ કરવામાં આવેલ હતી.

જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસ ધ્વારા અરજદારશ્રીને તા.૨૬–૪–૨૦૨૧ ના પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૧/૧૭(નમુનો–ગ) થી નિયત સમયમર્યાદામાં સેક્રેટરી ઓફિસને લાગુ પડતી બાબતની ઉપલબ્ધ રેકર્ડ આધારિત માહિતી/જવાબ નિયત સમય મર્યાદામાં પાઠવેલ છે.

અરજદારશ્રીએ તા.૫–૬–૨૦૨૧ ના રોજ " જાહેર માહિતી અધિકારીને અરજી કર્યાના ૩૦ દિવસની અંદર કોઈ નિર્ણય મળેલ નથી" એવું અપીલ માટેનું કારણ જણાવી અપીલ સત્તાધિકારી, મ્યુ.કમિશનરશ્રીને ઉદ્દેશીને મધ્યસ્થ કચેરી, મુગલીસરા ખાતે પ્રથમ અપીલ અરજી (નમુનો–ચ) કરેલ. અપીલ અધિકારી અને ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી, મધ્યસ્થ કચેરી ધ્વારા સદર અપીલ અરજી તા.૭–૬–૨૦૨૧ ના પત્ર નં.સી./એફ.સી./૧૨ (નમુનો–ઘ) થી એકસાથે (૧)અપીલ અધિકારી અને સેક્રેટરીશ્રી(સેક્રેટરી ખાતું) (૨)અપીલ અધિકારી અને ઈ.ચા. ચીફ ફાયર ઓફિસરશ્રી (ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ) ખાતે તબદીલ કરવામાં આવેલ, જે પૈકી સેક્રેટરી ઓફિસ ખાતે તા.૮–૬–૨૦૨૧ ના રોજ મળેલ છે.

જે અન્વયે, અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરીશ્રીએ અરજદારશ્રીની અપીલમાં જણાવેલ વિગતો તેમજ માહિતી માંગતી અરજીના મુદ્દા નં.૧,૩ અને ૪ ધ્યાને લઈ તેને અંશતઃ લાગત વિભાગના પ્રથમ અપીલ અધિકારી અને લો ઓફિસરશ્રી, કાયદા વિભાગને તા.૧૦–૬–૨૦૨૧ ના પત્ર નં.આર.ટી.આઈ./ સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૧/૨(નમુનો–ઘ) થી અરજી તબદીલ કરવામાં આવેલ અને પ્રથમ અપીલ અધિકારી અને મ્યુ.સેક્રેટરીશ્રીએ તા.૩૦–૬–૨૦૨૧ ના પત્ર નં.આર.ટી.આઈ./ સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૧/૯ ધ્વારા અરજદારશ્રી ચંદ્રેશ જગદીશભાઈ પિપળીયા અને સામાવાળા જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી, સેક્રેટરી ઓફિસને ઉકત માહિતી માંગતી અરજી(આઈ.ડી.૨૪)ના અનુસંધાને કરેલ કાર્યવાહીની વિગતો સહિતનો પક્ષ રજુ કરવા અને તા.૫–૭–૨૦૨૧ ના રોજ બપોરે ૧૨–૩૦ કલાકે સુનવણી અર્થે રૂબરૂ હાજર રહેવા જણાવેલ જેના સંદર્ભમાં સામાવાળા જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રીએ તા.૨–૭–૨૦૨૧ ના પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૧/૬૮ થી જરૂરી બિડાણો/પુરાવાઓ અને લેખિત દલીલો સહિત અપીલ તબકકે આધાર સહ તેવો પોતાનો પક્ષ રજુ કરેલ છે.

તા.૫–૭–૨૦૨૧ ના રોજ અરજદારશ્રીની અપીલ અન્વયે સેક્રેટરી ઓફિસને લાગુ પડતી બાબતે રાખવામાં આવેલ સુનાવણીમાં અરજદારશ્રી ચંદ્રેશ જગદીશભાઈ પિપળીયા(એડવોકેટ) રૂબરૂ હાજર રહેલ નથી તેમજ અપીલની સુનાવણી વખતે તેમની ગેરહાજરી બાબતે કે અપીલ તબકકે પોતાનો પક્ષ કોઈપણ રીતે રજુ કરેલ નથી. જયારે સામાવાળા પક્ષે જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી, યોગેશ આર.દેસાઈ નિયત સમયે હાજર રહી સુનાવણી દરમ્યાન પુર્તતા અહેવાલમાં જણાવેલ તમામ વિગતો એપેલેટ ઓથોરીટી સમક્ષ રજુ કરી અને જણાવ્યું કે, સદર અપીલમાં અરજદારશ્રી જણાવે છે કે "તેઓને ૩૦ દિવસની અંદર નિર્ણય મળ્યો નથી" જે અત્રેની કચેરીએ લાગુ પડતો નથી, અત્રેની કચેરીએથી અરજદારશ્રીને સેક્રેટરી ઓફિસને લાગુ પડતી બાબતેની આંશિક માહિતી/જવાબ નિયત સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ હોવાથી અપીલ અરજી દફતરે કરવા વિનંતી કરેલ છે.

અરજદારશ્રીની મુળ અરજી, પ્રથમ અપીલ અરજી તેમજ આ કેસના ઉપલબ્ધ કાગળો, સામેવાળા પક્ષે કરેલ લેખિત તેમજ મૌખિક રજુઆતો વિગેરે સઘળી બાબતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

## હુકમ

"અરજદારશ્રી ચંદ્રેશ જગદીશભાઈ પિપળીયા (એડવોકેટ)ની તા.૧૨–૪–૨૦૨૧ ની મુળ અરજી આઈ.ડી.નં.૨૪ (નમુનો–ક) થી માંગવામાં આવેલ માહિતી પૈકી સેક્રેટરી ઓફિસને લાગુ પડતી અરજીના મુદ્દા નં.(૧), (૩) અને (૪) (આંશિક) ની દફતરી રેકર્ડ પર ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી/જવાબ(આંશિક) (નમુનો–ગ) જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી, સેક્રેટરી ઓફિસ તરફથી નિયત સમયમર્યાદામાં તા.૨૬–૪–૨૦૨૧ ના રોજના પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૧/૧૭ થી આપવામાં આવેલ છે. જે પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર યથાયોગ્ય રાખવામાં આવે છે અને સદર જવાબથી નારાજ થઈ અરજદારશ્રીએ પ્રથમ અપીલ કરેલ હોવાનું જણાતું ન હોય, અરજદારશ્રીની અપીલ અરજીની વિગતો તેમજ જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી, સેક્રેટરી ઓફિસની રજુઆતો ધ્યાને લેતા સેક્રેટરી ઓફિસે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. જે સમગ્રયતા ધ્યાને લેતા સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકાને લાગુ પડતી બાબત માટે જ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."

તેમ છતાં, અરજદારશ્રી સદર હુકમથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, સ્ટેટ લેવલ ઓફિસીસ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે સદર હુકમ મળ્યેથી દિન–૯૦ માં બીજી અપીલ કરી શકે છે.

(સ્વાતી પી. દેસાઈ)
પ્રથમ અપીલ અધિકારી અને
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી
સુરત મહાનગરપાલિકા.

---

નકલ રવાના :–

(૧) અપીલ અધિકારી અને ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી, મધ્યસ્થ કચેરી.
(૨) જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી, સેક્રેટરી ઓફિસ પ્રતિ.... જાણ માટે.
(૩) શ્રી ચંદ્રેશ જગદીશભાઈ પિપળીયા (એડવોકેટ)પ્રતિ.....જાણ સારૂ.

# સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકા

ચોથો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા,
સુરત–૩૯૫૦૦૩. ફોન નં. ઓ.(૦૨૬૧)૨૪૩૨૬૯૦, એક્ષ્ટે.નં.૨૧૪.

| | | |
|---|---|---|
| RIGHT TO INFORMATION | | નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૧/૧૩<br>તા.૦૫–૦૭–૨૦૨૧ |

**પ્રથમ અપીલ ક્રમાંક: ૨૦૨૧/૦૩**

**અરજદાર :–**
શ્રી મનોજ મિશ્રા

**વિરુધ્ધ**

**સામેવાળા :–** જા.મા.અ. અને અંગત મદદનીશ, સેક્રેટરી ઓફિસ, સુરત

**વિષય :** આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી મનોજ મિશ્રાની તા.૨૯–૦૫–૨૦૨૧ ની અરજી બાબત.

**સંદર્ભ:** અરજદારશ્રીની અરજી તા.૧૯–૬–૨૦૨૧ ની પ્રથમ અપીલ અરજી.

**વંચાણમાં લીધું:**

1. અરજદારશ્રી મનોજ મિશ્રાની તા.૨૯–૦૫–૨૦૨૧ની માહિતિનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી. નં.૪૭૯ (નમુનો–ક).
2. એકિઝ. આસી. અને જા.મા.અ., નાગરિક સુવિધા કેન્દ્ર (સેન્ટ્રલ ઝોન) નો તા.૨૯–૦૫–૨૧ નો પત્ર નં.સી.સી.સી.સીઝેડ/આર.ટી.આઈ./૪૭૯
3. જા.મા.અ. અને અંગત મદદનીશ સેક્રેટરી ઓફિસનો તા.૦૧–૦૬–૨૦૨૧ નો પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૧/૪૨ (નમુનો–ગ).
4. અરજદારશ્રી મનોજ મિશ્રાની તા.૧૯–૦૬–૨૦૨૧ ના રોજની માહિતિનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળ અપીલ અધિકારી, મ્યુ.સેક્રેટરીશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી.
5. જાહેર માહિતી અધિકારી અને એકિઝકયુટીવ આસીસ્ટન્ટ એન્ડ મેનેજર, નાગરિક સુવિધા કેન્દ્ર (સેન્ટ્રલ ઝોન) નો તા.૨૧–૦૬–૨૧ નો પત્ર નં.સી.સી.સી./સે. ઝોન/આઉટ/૧૮૩ (નમુનો–ઘ).
6. અરજદારશ્રી મનોજ મિશ્રાનો તા.૦૭–૦૭–૨૦૨૧ નો પત્ર (પ્રથમ અપીલ અધિકારી અને ઈ.ચા.મ્યુ.સેક્રેટરીને ઉદ્દેશી).

**ફરીયાદની હકીકત :–**

આ કેસમાં ટૂંકમાં હકીકત એવા પ્રકારની છે કે, અરજદારશ્રી મનોજ મિશ્રા, તરફથી માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૬(૧) અને ગુજરાત માહિતીનો અધિકાર નિયમો, ૨૦૧૦ ના નિયમ–૩ (૧) હેઠળ તા.૨૯–૦૫–૨૦૨૧ ના રોજ માહિતી માંગતી અરજી કરેલ હતી. જે આઈ.ડી.નં.૪૭૯ થી નોંધાયેલ હતી.

સદર અરજી જાહેર માહિતી અધિકારી અને એક્ઝિક્યુટીવ આસીસ્ટન્ટ એન્ડ મેનેજર, નાગરિક સુવિધા કેન્દ્ર (સેન્ટ્રલ ઝોન) ધ્વારા તા.૨૯–૦૫–૨૦૨૧ ના પત્ર નં.સી.સી.સી.સીઝેડ/આર.ટી.આઇ./૪૭૯ થી અત્રેની કચેરી સહિત ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી શ્રી સાઉથ ઈસ્ટ ઝોનને તબદીલ (આંશિક) કરવામાં આવેલ. જે અત્રેની કચેરીએ માહિતી માંગતી અરજી તા.૩૧/૦૫/૨૦૨૧ ના રોજ મળેલ છે. સદર બાબતે માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી ધ્વારા તા.૦૧–૦૬–૨૦૨૧ ના પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૧/૪૨(નમુનો–ગ) થી સેક્રેટરી ઓફિસના ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી (આંશિક) (નમુનો–ગ) અરજદારને પાઠવવામાં આવેલ. જે અન્વયે તા.૧૯–૦૬–૨૦૨૧ના રોજ અરજદારે "માંગવામાં આવેલ માહિતી પરિપૂર્ણ થયેલ નથી" તેવું જણાવી અપીલ અધિકારી, મ્યુ.સેક્રેટરીશ્રીને ઉદ્દેશીને પ્રથમ અપીલ અરજી કરેલ છે. જે અપીલ અરજી જાહેર માહિતી અધિકારી અને એક્ઝિક્યુટીવ આસીસ્ટન્ટ એન્ડ મેનેજર, નાગરિક સુવિધા કેન્દ્ર (સે.ઝોન), સુરત મહાનગરપાલિકા, મુગલીસરા ધ્વારા પત્ર નં.સી.સી.સી./સે.ઝોન/આઉટ/૧૮૩ (નમુનો–ઘ) થી અત્રેની કચેરીએ તા.૨૧/૦૬/૨૦૨૧ ના રોજ તબદીલ કરેલ હતી.

જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી ધ્વારા અરજદારશ્રી મનોજ મિશ્રા સાથે સદર અપીલ અરજી બાબતે ટેલીફોનીક સંપર્ક કરવામાં આવેલ, જે અન્વયે તેઓ તા.૦૭/૦૭/૨૦૨૧ ના રોજ સેક્રેટરી ઓફિસ ખાતે રૂબરૂ આવી વિસ્તૃત ચર્ચા કરેલ હતી અને ચર્ચાને અંતે અત્રેની કચેરીના જવાબ બાબતેનો અસંતોષ દુર થયેલ હતો, જે અન્વયે અરજદારશ્રી મનોજ મિશ્રાએ પ્રથમ અપીલ અધિકારી અને ઈ.ચા.મ્યુ.સેક્રેટરીશ્રીને ઉદ્દેશીને લેખિતમાં પત્ર પાઠવેલ અને જા.મા.અ. અને અંગત મદદનીશશ્રી, સેક્રેટરી ઓફિસ ધ્વારા તા.૦૧/૦૬/૨૦૨૧ ના રોજ પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/ આઉટ/૨૦૨૧/૪૨(નમુનો–ગ)થી જવાબ મળેલ છે. જેનાથી હવે હું સંતુષ્ઠ છું, વિગેરે બાબત જણાવેલ છે.

અરજદારશ્રીનું સદર લેખિત નિવેદન/પત્ર જા.મા.અ. અને અંગત મદદનીશશ્રીએ પ્રથમ અપીલ અધિકારી અને ઈ.ચા.મ્યુ.સેક્રેટરીશ્રી સમક્ષ રજુ કરી જણાવ્યું કે, સેક્રેટરી ઓફિસ પાસે અરજદારશ્રીએ કોઈ માહિતી મેળવવાની રહેતી નથી અને આપવામાં આવેલ માહિતી બાબતે અરજદારને સંતોષ હોય, અપીલ અરજી દફતરે કરવા વિનંતી કરેલ છે.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ આ કેસના ઉપલબ્ધ કાગળો, રજુઆતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**હુકમ**

"અરજદારશ્રી મનોજ મિશ્રાની તા.૨૯-૦૫-૨૦૨૧ની મૂળ અરજી (આઈ.ડી.૪૭૯) અન્વયે જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી ધ્વારા પત્ર નં.આરટીઆઈ/સેક્રેટરી/આઉટ/૨૦૨૧/૪૨, તા.૦૧-૦૬-૨૦૨૧ થી પાઠવવામાં આવેલ પ્રત્યુતર યથાયોગ્ય રાખવામાં આવે છે તેમજ અરજદારશ્રીનું તા.૦૭-૦૭-૨૦૨૧ ના રોજનું લેખિત નિવેદન/રજુઆત ધ્યાને લેતા સેક્રેટરી ઓફિસે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકાને લાગુ પડતી બાબતો માટે જ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."

તેમ છતાં, અરજદાર સદર હુકમથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, સ્ટેટ લેવલ ઓફીસીસ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર-૧૦(એ), ગાંધીનગર-૩૮૨૦૧૦ ખાતે દિન-૯૦ માં બીજી અપીલ કરી શકે છે.

(સ્વાતી પી. દેસાઈ)
પ્રથમ અપીલ અધિકારી અને
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી
સુરત મહાનગરપાલિકા.

---

નકલ રવાના :-

સા.ર.:- સેકશન ઓફિસરશ્રી, આર.ટી.આઈ. મધ્યસ્થ સેલ.
ન.ર. :- જાહેર માહિતી અધિકારી અને અંગત મદદનીશશ્રી, સેક્રેટરી ઓફિસ
ન.ર. :- અરજદારશ્રી મનોજ મિશ્રા.

# સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકા

ચોથો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત–૩૯૫૦૦૩. ફોન નં. ઓ.(૦૨૬૧)૨૪૩૨૬૯૦, એક્ષ્ટે.નં.૪૧૪.


| | | |
|---|---|---|
| RIGHT TO INFORMATION | | નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૨/૫<br>તા.૦૨–૦૩–૨૦૨૨ |

**પ્રથમ અપીલ ક્રમાંક: ૨૦૨૨/૧**

**અરજદાર :–**
**શ્રી તલ્હા ચાંદીવાલા**

**વિરુધ્ધ**

**સામેવાળા :–** જા.મા.અ. અને આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસ, સુરત.

**વિષય:**–આર.ટી.આઈ. એકટ હેઠળ અરજદારશ્રીની તા.૩૧–૧૨–૨૦૨૧ ની અરજી આઈ.ડી.નં.૨૩૯૮ બાબતે કરવામાં આવેલ પ્રથમ અપીલ બાબત.

**સંદર્ભ:** અરજદારશ્રીની તા.૨–૨–૨૦૨૨ ની પ્રથમ અપીલ અરજી.

**વંચાણમાં લીધું:**

૧. અરજદારશ્રી તલ્હા ચાંદીવાલાની માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળ તા.૩૧–૧૨–૨૦૨૧ ના રોજ જા.મા.અ., સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન ખાતે કરવામાં આવેલ માહીતી માંગતી અરજી(આઈ.ડી.– ૨૩૯૮)

૨. એકઝીક્યુટીવ આસીસ્ટન્ટશ્રી અને જા.મા.અ.નો તા.૩૧–૧૨–૨૦૨૧ નો પત્ર નં.સીસીસી.સીઝેડ/ આરટીઆઈ/આ.નં.૨૩૯૮ (નમુનો–ઘ)

૩. જા.મા.અ.અને આસી.સેક્રેટરી, સેક્રેટરી વિભાગનો તા.૨૪–૧–૨૦૨૨ નો પત્ર નં. આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૨/૮ (નમુનો–ખ)

૪. જા.મા.અ. અને આસી.સેક્રેટરી, સેક્રેટરી વિભાગનો તા.૨૫–૧–૨૦૨૨ નો પત્ર નં. આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૨/૧૦(નમુનો–ગ)

૫. અરજદારશ્રી તલ્હા ચાંદીવાલાની તા.૨–૨–૨૦૨૨ ના રોજની પ્રથમ અપીલ અધિકારી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને મહા.ના સેન્ટ્રલ ઝોન ખાતેના નાગરિક સુવિધા કેન્દ્ર પર રજુ કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી.

૬. પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસનો તા.૨૪–૨–૨૦૨૨ નો પત્ર નં. આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૨/૨.

૭. જાહેર માહીતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રીનો તા.૨૮–૨–૨૦૨૨ નો પત્ર નં. આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૨/૨૬.

..૨

<u>ફરીયાદની હકીકત</u> :–

આ કેસમાં ટૂંકમાં હકીકત એવા પ્રકારની છે કે, અરજદારશ્રી તલ્હાં ચાંદીવાલા, રહેઠાણ, તરફથી માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૬(૧) અને ગુજરાત માહિતીનો અધિકાર નિયમો, ૨૦૧૦ ના નિયમ–૩ હેઠળ તા.૩૧–૧૨–૨૦૨૧ ના રોજ જાહેર માહિતી અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કુલ–૬ સુરત મહાનગરપાલિકાના સબંધિત વિભાગોને અનુલક્ષીને કુલ–૧૧ મુદ્દાઓ ધરાવતી માહિતી માંગતી અરજી કરેલ.

જે અરજી એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારીશ્રી, નાગરિક સુવિધા કેન્દ્ર, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા મારફત તેમના તા.૩૧–૧૨–૨૦૨૧ ના પત્ર નં.સીસીસી.સીઝેડ/આર.ટી.આઈ./આઉટ – ૨૩૯૮ થી માહિતી માંગતી અરજીને લાગત જુદા–જુદા ત્રણ વિભાગોના જાહેર માહિતી અધિકારીશ્રીઓ સહિત અત્રેની કચેરીના આસી.સેક્રેટરી અને જાહેર માહિતી અધિકારીને એકી સાથે તબદીલ કરેલ હતી જે અરજી અત્રેની કચેરીને તા.૧–૧–૨૦૨૨ ના રોજ મળેલ. સદર અરજીના સેક્રેટરી ઓફિસને લાગુ પડતી બાબતેના મુદ્દા નં.૫(આંશિક)ની નિયત સમયમર્યાદામાં દફતરી રેકર્ડ ઉપર ઉપલબ્ધ માહિતી પુરી પાડવા અર્થે, જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રીએ તેમના તા.૨૪–૧–૨૦૨૨ ના પત્ર નં. આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/ ૨૦૨૨/૮ થી અરજદારશ્રીને માહિતી મેળવવા જરૂરી ફી ભરવાનો પત્ર (નમૂનો–ખ) પાઠવેલ હતો. જેના અનુસંધાને અરજદારશ્રીએ તા.૨૫–૧–૨૦૨૨ ના રોજ જરૂરી ફી ની ભરપાઈ કરતા, ફી ભર્યા અંગેની રસીદ અત્રેની કચેરીને મળતા જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ ધ્વારા તા.૨૫–૧–૨૦૨૨ ના પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૨/૧૦(નમૂનો–ગ) થી મુદ્દા નં.૫ ની માહિતી(**આંશિક**) નિયત સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે.

અરજદારશ્રી તલ્હા ચાંદીવાલાએ આર.ટી.આઈ. એકટની કલમ–૧૯(૧) અંતર્ગત તા.૨–૨–૨૦૨૨ ના રોજ પ્રથમ અપીલ અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કુલ–૫ જુદા જુદા વિભાગોના જાહેર માહિતી અધિકારીશ્રીઓને અનુલક્ષીને " જાહેર માહિતી અધિકારીશ્રીએ અમોને પૂર્વ યોજના મુજબ આજદિન સુધી કોઈપણ માહિતી આપેલ નથી " વિગેરે કારણો રજુ કરી એક પ્રથમ અપીલ અરજી નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન ખાતે રજુ કરેલ, જે જાહેર માહિતી અધિકારી અને એકિઝ. આસી. એન્ડ મેનેજર, નાગરિક સુવિધા કેન્દ્ર(સે.ઝોન)ના તા.૩–૨–૨૦૨૨ ના પત્ર નં.સી.સી.સી./ સી.ઝોન/આઉટ/૬૭૨ (નમુનો–ઘ) ધ્વારા એકીસાથે કુલ–૪ વિભાગને તબદીલ કરવામાં આવેલ. જે પૈકી સેક્રેટરી ઓફિસ ખાતે સદર પ્રથમ અપીલ અરજી તા.૪–૨–૨૦૨૨ ના રોજ તબદીલીથી મળેલ છે. જે અત્રેની કચેરીએ પ્રથમ અપીલ ક્રમાંકઃ૨૦૨૨/૧ થી નોંધાયેલ છે. અરજીની રજુઆત ધ્યાને લઈ, સેક્રેટરી ઓફિસને લાગુ પડતી બાબતે તા.૨૪–૨–૨૦૨૨ ના રોજ પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/ ૨૦૨૨/૨ થી તા.૨૮–૨–૨૦૨૨ ના રોજ બપોરે ૧૨–૦૦ કલાકે અરજદારશ્રી તલ્હાં ચાંદીવાલાને અને સામાવાળા પક્ષે જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસને અપીલની સુનવણીમાં રૂબરૂ હાજર રહેવા તેમજ અરજદારશ્રીની માહિતી માંગતી તા.૩૧–૧૨–૨૦૨૧ ની અરજી (આઈ.ડી.નં.૨૩૯૮)ના અનુસંધાને કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો સહિતનો પક્ષ રજુ કરવા જાહેર માહિતી અધિકારીશ્રીને પત્ર પાઠવેલ છે.

સામાવાળા જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસએ તા.૨૮–૨–૨૦૨૨ ના રોજ પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૨/૨૬ થી જરૂરી બિડાણો સહ પક્ષ (પુતતા અહેવાલ) રજુ કરેલ છે.

તા.૨૮–૨–૨૦૨૨ ના રોજ સુનવણીમાં અરજદારશ્રી તલ્હાં ચાંદીવાલા અને સામાવાળા પક્ષે જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી એસ.એલ.પટેલ હાજર રહેલ હતા.

પ્રથમ અપીલની સુનવણી સમયે જાહેર માહિતી અધિકારી એસ.એલ.પટેલે અરજદારશ્રીને જણાવ્યું કે, સેક્રેટરી ઓફિસ તરફે જાહેર માહિતી અધિકારીશ્રીએ નમુનો–ગ થી તા.૨૫–૧–૨૦૨૨ ના રોજ નિયત સમયમર્યાદામાં જવાબ પાઠવવામાં આવેલ છે. જે બાબતે અરજદારશ્રી જણાવે છે કે, માંગવામાં આવેલ અરજીના સંદર્ભમાં સંપૂર્ણ જવાબ મળેલ નથી, માહિતી છુપાવવામાં આવેલ હોય તેવું જણાય છે. જેથી અરજીની માહિતી મુદ્દાસર આપવી. જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીને પ્રથમ સેક્રેટરી ઓફિસની કામગીરી બાબતે અવગત કર્યા અને જણાવ્યું કે, તમામ મુદ્દાઓ સેક્રેટરી ઓફિસને સ્પર્શતા નથી જે મુદ્દાઓ સીધી રીતે સ્પર્શતા છે તેની માહિતી આપશ્રીને નમુનો–ગ ધ્વારા આપવામાં આવેલ છે. ત્યારબાદ પક્ષકારો વચ્ચે અરજીના મુદ્દાઓની ક્રમાનુસાર ચર્ચા કરવામાં આવેલ અને ચર્ચા ને અંતે જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રીએ અરજદારશ્રીને જણાવ્યું કે, અત્રેની કચેરીએ સુરત મહાનગરપાલિકાના કરવામાં આવેલ ઠરાવ–એજન્ડાના રેકર્ડની નિભાવણી જે તે વર્ષ વાઈસ–ઠરાવ ક્રમાંક વાઈસ કરવામાં આવે છે. રેકર્ડની નિભાવણી જુદી જુદી બાબતેના વિષય/ખાતા/વિભાગ વાઈસ કરવામાં આવતી નથી અને પ્રોએકટીવ ડીસકલોઝર હેઠળ પણ સેક્રેટરી ઓફિસને લગતી માહિતી સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ પર મુકવામાં આવેલ છે. માહિતીના મુદ્દા નં. ૧ થી ૧૧ પૈકી સેક્રેટરી ઓફિસને સીધી રીતે સ્પર્શતી બાબત માટેના મુદ્દા નં.૫(આંશિક) માહિતી પુરી પાડવામાં આવેલ છે અને મુદ્દા નં.૧,૩,૪,૬,૯,૧૦,૧૧ ની માહિતી સેક્રેટરી ઓફિસને લાગુ પડતી નથી. જયારે મુદ્દા નં.૨ અને ૮ બાબતે અરજદારશ્રી ધ્વારા કરવામાં આવેલ સ્પષ્ટતા હેઠળની માહિતી સીધી રીતે સેક્રેટરી ઓફિસને સ્પર્શતી નથી. જેના અનુસંધાને અરજદારશ્રીએ સ્પષ્ટતા કરતા જણાવ્યું કે, મુદ્દા નં.૨ અને ૮ બાબતે ઠરાવો થયેલ હોય તો, તે માહિતી આપના ખાતા ધ્વારા આપશોજી.

**સબબ, અરજદારશ્રીની મુળ અરજી, પ્રથમ અપીલ અરજી તેમજ આ કેસના ઉપલબ્ધ કાગળો, સુનવણી સમયે બંન્ને પક્ષે કરેલ રજુઆતો વિગેરે સઘળી બાબતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

## <u>હુકમ</u>

" અરજદારશ્રી તલ્હા ચાંદીવાલાની તા.૩૧–૧૨–૨૦૨૧ ની મૂળ અરજી (આઈ.ડી.નં.૨૩૯૮) ના મુદ્દા નં.૧ થી ૧૧ થી માંગવામાં આવેલ માહિતી બાબતે સેક્રેટરી ઓફિસને લાગુ પડતી બાબતે જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસ તરફથી નિયત સમય મર્યાદામાં મુદા નં.૫(આંશિક)ની ઓફિસના દફતરી રેકર્ડ પર ઉપલબ્ધ માહિતી નિયત સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે અરજદારશ્રી ધ્વારા અપીલની સુનવણી સમયે કરવામાં આવેલ સ્પષ્ટતા/મૌખિક રજુઆત હેઠળના અરજીના મુદા.નં.૨ અને ૮ બાબતે સેક્રેટરી ઓફિસની ઉપલબ્ધ રેકર્ડ આધારિત ઠરાવોની માહિતી(આંશિક) આર.ટી.આઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અરજદારશ્રીને તાકીદે પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસને જણાવવામાં આવે છે.

આમ, સમગ્રયતા ધ્યાને લેતા, સેક્રેટરી ઓફિસે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નહીં હોવાથી સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકાને લાગુ પડતી બાબત/મુદ્દાઓ(આંશિક)ને લાગત અપીલ અરજી સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકા પુરતી દફતરે કરવામાં આવે છે.

તેમ છતાં, અરજદાર સદર હુકમથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, સ્ટેટ લેવલ ઓફીસીસ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦(એ), ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે દિન–૯૦ માં બીજી અપીલ કરી શકે છે.

શ. ર. પટેલ

(શરદચંદ્ર આર.પટેલ)
પ્રથમ અપીલ અધિકારી અને ડેપ્યુટી સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા.

---

<u>નકલ રવાના :–</u>

સા.ર.:– સેકશન ઓફિસરશ્રી, આર.ટી.આઈ. મધ્યસ્થ સેલ.
ન.ર. :– જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ પ્રતિ.... જાણ માટે.
ન.ર. :– અરજદારશ્રી તલ્હા ચાંદીવાલા પ્રતિ.

## સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકા

ચોથો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત–૩૯૫૦૦૩. ફોન નં. ઓ.(૦૨૬૧)૨૪૩૨૬૯૦, એક્ષ્ટે.નં.૪૧૪.

| | | |
|---|---|---|
| RIGHT TO INFORMATION | | નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૨/૪<br>તા.૦૨–૦૩–૨૦૨૨ |

**પ્રથમ અપીલ ક્રમાંક: ૨૦૨૨/૨**

**અરજદાર :–**
**શ્રી તલ્હા ચાંદીવાલા**

**વિરૂધ્ધ**

**સામેવાળા :–** જા.મા.અ. અને આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસ, સુરત.

**વિષય:**–આર.ટી.આઈ. એકટ હેઠળ અરજદારશ્રીની તા.૧૧–૧૧–૨૦૨૧ ની અરજી આઈ.ડી.નં.૨૧૦૫ બાબતે કરવામાં આવેલ પ્રથમ અપીલ બાબત.

**સંદર્ભ:** અરજદારશ્રીની તા.૨–૨–૨૦૨૨ ની પ્રથમ અપીલ અરજી.

**વંચાણમાં લીધું:**

૧. અરજદારશ્રી તલ્હા ચાંદીવાલાની માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળ તા.૧૧–૧૧–૨૦૨૧ ના રોજ જા.મા.અ., સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન ખાતે કરવામાં આવેલ માહીતી માંગતી અરજી(આઈ.ડી.– ૨૧૦૫)

૨. એકઝીકયુટીવ આસીસ્ટન્ટશ્રી અને જા.મા.અ.નો તા.૧૨–૧૧–૨૦૨૧ નો પત્ર નં.સીસીસી.સીઝેડ/ આરટીઆઈ/આ.નં.૨૧૦૫ (નમુનો–ઘ)

૩. જા.મા.અ.અને આસી.સેક્રેટરી, સેક્રેટરી વિભાગનો તા.૨–૧૨–૨૦૨૧ નો પત્ર નં. આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૧/૧૭૦ (નમુનો–ખ)

૪. જા.મા.અ. અને આસી.સેક્રેટરી, સેક્રેટરી વિભાગનો તા.૬–૧૨–૨૦૨૧ નો પત્ર નં. આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૧/૧૭૧ (નમુનો–ગ)

૫. અરજદારશ્રી તલ્હા ચાંદીવાલાની તા.૨–૨–૨૦૨૨ ના રોજની પ્રથમ અપીલ અધિકારી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને મહા.ના સેન્ટ્રલ ઝોન ખાતેના નાગરિક સુવિધા કેન્દ્ર પર રજુ કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી.

૬. પ્રથમ અપીલ અધિકારી અને ડે.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસનો તા.૨૪–૨–૨૦૨૨ નો પત્ર નં. આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૨/૩.

૭. જાહેર માહીતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રીનો તા.૨૮–૨–૨૦૨૨ નો પત્ર નં. આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૨/૨૬.

<u>ફરીયાદની હકીકત :-</u>

આ કેસમાં ટૂંકમાં હકીકત એવા પ્રકારની છે કે, અરજદારશ્રી તલ્હાં ચાંદીવાલા, રહેઠાણ,

તરફથી માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૬(૧) અને ગુજરાત માહિતીનો અધિકાર નિયમો, ૨૦૧૦ ના નિયમ-૩ હેઠળ તા.૧૧-૧૧-૨૦૨૧ ના રોજ જાહેર માહિતી અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કુલ-૪ સુરત મહાનગરપાલિકાના સબંધિત વિભાગોને અનુલક્ષીને ૧૧ મુદ્દાઓ ધરાવતી માહિતી માંગતી અરજી કરેલ.

જે અરજી એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારીશ્રી, નાગરિક સુવિધા કેન્દ્ર, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા મારફત તેમના તા.૧૨-૧૧-૨૦૨૧ ના પત્ર નં.સીસીસી.સીઝેડ/આર.ટી.આઈ./આઉટ - ૨૧૦૫ થી માહિતી માંગતી અરજીને લાગત જુદા-જુદા બે વિભાગોના જાહેર માહિતી અધિકારીશ્રીઓ સહિત અત્રેની કચેરીના આસી.સેક્રેટરી અને જાહેર માહિતી અધિકારીને એકી સાથે તબદીલ કરેલ હતી જે અરજી અત્રેની કચેરીને તા.૧૫-૧૧-૨૦૨૧ ના રોજ મળેલ. સદર અરજીના સેક્રેટરી ઓફિસને લાગુ પડતી બાબતેના મુદ્દાઓ(આંશિક)ની નિયત સમયમર્યાદામાં દફતરી રેકર્ડ ઉપર ઉપલબ્ધ માહિતી પુરી પાડવા અર્થે, જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રીએ તેમના તા.૨-૧૨-૨૦૨૧ ના પત્ર નં. આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૧/૧૭૦ થી અરજદારશ્રીને માહિતી મેળવવા જરૂરી ફી ભરવાનો પત્ર (નમૂનો-ખ) પાઠવેલ હતો. જેના અનુસંધાને અરજદારશ્રીએ તા.૪-૧૨-૨૦૨૧ ના રોજ જરૂરી ફી ની ભરપાઈ કરતા, ફી ભર્યા અંગેની રસીદ અત્રેની કચેરીને મળતા જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ ધ્વારા તા.૬-૧૨-૨૦૨૧ ના પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૧/૧૭૧(નમૂનો-ગ) થી માહિતી**(આંશિક)** નિયત સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે.

અરજદારશ્રી તલ્હા ચાંદીવાલાએ આર.ટી.આઈ. એકટની કલમ-૧૯(૧) અંતર્ગત તા.૨-૨-૨૦૨૨ ના રોજ પ્રથમ અપીલ અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કુલ-૨ જુદા જુદા વિભાગોના જાહેર માહિતી અધિકારીશ્રીઓને અનુલક્ષીને " જાહેર માહિતી અધિકારીશ્રીને અમોને પૂર્વ યોજના મુજબ આજદિન સુધી કોઈપણ માહિતી આપેલ નથી" વિગેરે કારણો રજુ કરી એક પ્રથમ અપીલ અરજી નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન ખાતે રજુ કરેલ, જે જાહેર માહિતી અધિકારી અને એકિઝ. આસી. એન્ડ મેનેજર, નાગરિક સુવિધા કેન્દ્ર(સે.ઝોન)ના તા.૩-૨-૨૦૨૨ ના પત્ર નં.સી.સી.સી./ સી.ઝોન/આઉટ/૬૭૫ (નમુનો-ઘ) ધ્વારા એકીસાથે કુલ-૨ વિભાગને તબદીલ કરવામાં આવેલ જે પૈકી સેક્રેટરી ઓફિસ ખાતે સદર પ્રથમ અપીલ અરજી તા.૪-૨-૨૦૨૨ ના રોજ તબદીલીથી મળેલ છે. જે અત્રેની કચેરીએ પ્રથમ અપીલ ક્રમાંક:૨૦૨૨/૨ થી નોંધાયેલ છે. અરજીની રજુઆત ધ્યાને લઈ, સેક્રેટરી ઓફિસને લાગુ પડતી બાબતે તા.૨૪-૨-૨૦૨૨ ના રોજ પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/અપીલ/આઉટ/૨૦૨૨/૩ થી તા.૨૮-૨-૨૦૨૨ ના રોજ બપોરે ૧૨-૩૦ કલાકે અરજદારશ્રી તલ્હાં ચાંદીવાલાને અને સામાવાળા પક્ષે જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસને અપીલની સુનવણીમાં રૂબરૂ હાજર રહેવા તેમજ અરજદારશ્રીની માહિતી માંગતી તા.૧૧-૧૧-૨૦૨૧ ની અરજી (આઈ.ડી.નં.૨૧૦૫)ના અનુસંધાને કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો સહિતનો પક્ષ રજુ કરવા જાહેર માહિતી અધિકારીશ્રીને પત્ર પાઠવેલ.

સામાવાળા જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસએ તા.૨૮–૨–૨૦૨૨ ના રોજ પત્ર નં.આર.ટી.આઈ./સેક્રેટરી/આઉટ/૨૦૨૨/૨૭ થી જરૂરી બિડાણો સહ પક્ષ (પુતતા અહેવાલ) રજુ કરેલ છે.

તા.૨૮–૨–૨૦૨૨ ના રોજ સુનાવણીમાં અરજદારશ્રી તલ્હાં ચાંદીવાલા અને સામાવાળા પક્ષે જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી એસ.એલ.પટેલ હાજર રહેલ હતા.

પ્રથમ અપીલની સુનવણી સમયે જાહેર માહિતી અધિકારીશ્રી એસ.એલ.પટેલએ અરજદારશ્રી જણાવ્યું કે, સેક્રેટરી ઓફિસ તરફે જાહેર માહિતી અધિકારીશ્રીએ નમુનો–ગ થી તા.૯–૧૨–૨૦૨૧ ના રોજ નિયત સમય મર્યાદામાં જવાબ પાઠવવામાં આવેલ છે. અરજદારશ્રી જણાવે છે કે સદર જવાબ માંગવામાં આવેલ અરજીના સંદર્ભમાં સંપુર્ણ નથી, માહિતી છુપાવવામાં આવેલ હોય તેવું જણાય છે જેથી તેઓની અરજીની માહિતી મુદ્દાસર આપવી. જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીને પ્રથમ સેક્રેટરી ઓફિસની કામગીરી બાબતે અવગત કર્યા અને જણાવ્યું કે, તમામ મુદ્દાઓ સેક્રેટરી ઓફિસને સ્પર્શતા નથી જે મુદ્દાઓ સીધી રીતે સ્પર્શતા છે તેની માહિતી આપશ્રીને નમુનો–ગ ધ્વારા આપવામાં આવેલ છે. ત્યારબાદ પક્ષકારો વચ્ચે અરજીના મુદ્દાઓની ક્રમાનુસાર ચર્ચા કરવામાં આવેલ અને ચર્ચા ને અંતે જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રીએ અરજદારશ્રીને જણાવ્યું કે, અત્રેની કચેરીએ સુરત મહાનગરપાલિકાના કરવામાં આવેલ ઠરાવ–એજન્ડાના રેકર્ડની નિભાવણી જે તે વર્ષવાઈસ–ઠરાવ ક્રમાંક વાઈસ કરવામાં આવે છે. રેકર્ડની નિભાવણી જુદી જુદી બાબતેના વિષય/ખાતા/વિભાગ વાઈસ કરવામાં આવતી નથી અને પ્રોએકટીવ ડીસકલોઝર હેઠળ પણ સેક્રેટરી ઓફિસને લગતી માહિતી સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ પર મુકવામાં આવેલ છે. માહિતીના મુદ્દાઓ૧૧ પૈકી સેક્રેટરી ઓફિસને સીધી રીતે સ્પર્શતી બાબતના મુદ્દાઓ(આંશિક)ની માહિતી પુરી પાડવામાં આવેલ છે. જે બાબતે અરજદારશ્રીએ સ્પષ્ટતા કરતા જણાવ્યું કે, જે મુદ્દાઓ સેક્રેટરી ઓફિસને સીધી રીતે સ્પર્શતા નથી તેને સુસંગત કોઈ ઠરાવ થયેલ હોય તો તેની માહિતી આપના ખાતા પાસે હોય તો આપશોજી.

**સબબ, અરજદારશ્રીની મુળ અરજી, પ્રથમ અપીલ અરજી તેમજ આ કેસના ઉપલબ્ધ કાગળો, સુનવણી સમયે બંન્ને પક્ષે કરેલ રજુઆતો વિગેરે સઘળી બાબતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

**હુકમ**

"અરજદારશ્રી તલ્હા ચાંદીવાલાની તા.૧૧-૧૧-૨૦૨૧ ની મૂળ અરજી (આઈ.ડી.નં.૨૧૦૫) ના મુદ્દા નં.૧ થી ૧૧ થી માંગવામાં આવેલ માહિતી બાબતે સેક્રેટરી ઓફિસને લાગુ પડતી બાબતે જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસ તરફથી નિયત સમય મર્યાદામાં ઓફિસના દફતરી રેકર્ડ પર ઉપલબ્ધ માહિતી(આંશિક) નિયત સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે. અરજદાર ધ્વારા અપીલની સુનાવણી સમયે કરવામાં આવેલ સ્પષ્ટતા/મૌખિક રજુઆત બાબતેના ઠરાવની માહિતી(આંશિક) આર.ટી.આઈ એકટની કલમ-૭(૬) હેઠળ વિના મુલ્યે અરજદારશ્રીને તાકીદે પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરી, સેક્રેટરી ઓફિસને જણાવવામાં આવે છે.

આમ, સમગ્રયતા ધ્યાને લેતા, સેક્રેટરી ઓફિસે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નહીં હોવાથી અને સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકાને લાગુ પડતી બાબત/મુદ્દાઓ(આંશિક)ને લાગત અપીલ અરજી સેક્રેટરી ઓફિસ, સુરત મહાનગરપાલિકા પુરતી દફતરે કરવામાં આવે છે.

તેમ છતાં, અરજદાર સદર હુકમથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, સ્ટેટ લેવલ ઓફીસીસ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર-૧૦(એ), ગાંધીનગર-૩૮૨૦૧૦ ખાતે દિન-૯૦ માં બીજી અપીલ કરી શકે છે.

શ. ર. પટેલ

(શરદચંદ્ર આર.પટેલ)
પ્રથમ અપીલ અધિકારી અને ડેપ્યુટી સેક્રેટરી
સુરત મહાનગરપાલિકા.

---

નકલ રવાના :-
સા.ર.:- સેકશન ઓફિસરશ્રી, આર.ટી.આઈ. મધ્યસ્થ સેલ.
ન.ર. :- જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી, સેક્રેટરી ઓફિસ પ્રતિ.... જાણ માટે.
ન.ર. :- અરજદારશ્રી તલ્હા ચાંદીવાલા પ્રતિ.